## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બધુ ડીજીટલ કરી દીધુ છે તો મતદાનનું પણ કરી દો અમે મત આપવાની આળસ નહીં કરીએ...

### છ દિવસમાં વિજય રુપાણીએ કોરોનાને હરાવ્યો

# મુખ્યમંત્રી રૂપાણીનો કોરોના સામે વિજય : આરટી-પીસીઆર નેગેટિવ

ગાંધીનગર,તા.૨૧

થોડા દિવસ પહેલા રાજ્યના મુખ્યમંત્રી વિજય રુપાણી જ્યારે વડોદરામાં એક ચૂંટણી સભાને સંબોધી રહ્યા હતા, ત્યારે તેમની તબિયત અચાનક બગડી હતી. ત્યારબાદ અમદાવાદની યુ એન મહેતા હોસ્પિટલમાં તેનો હેલ્થ ચેકઅપ કરાયો હતો. જેમાં તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી વિજય રુપાણીને ત્યાં જ દાખલ કરાયા હતા અને કોરોનાની સારવાર આપવામાં રહી છે.

ત્યારે હવે વા સમાચાર આવી રહ્યા છે કે મુખ્યમંત્રી વિજય રુપાણીએ કોરોનાને માત આપી છે. આજે સવારે થયેલો તેમનો આરટી-પીસીઆર રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જેથી વિજય રુપાણી હવે કોરોના મુક્ત થયા છે.

આ પહેલાં ૧૪ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરામાં એક સભા સંબોધી હતી. આ ચૂંટણી સભામાં મુખ્યમંત્રીને ચક્કર આવતાં મુખ્યમંત્રી સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રી સભા ટૂંકાવી રવાના થયા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીની તબિયત સારી થઈ ગઈ હતી. વ્યસ્ત ચૂંટણી કાર્યક્રમના કારણે બ્લડ સ્યૂગર ઘટી ગયું હતું. તેઓ એક પછી એક ચૂંટણી સભા સંબોધી રહ્યા હતા, જેને પગલે થાક અને તણાવને કારણે ચક્કર આવતા સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ તેમને અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બીજા દિવસે તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ટેસ્ટીંગના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાથી રિકવર થયા બાદ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન નોંધાઈ છે.
- મહામહીમ રાષ્ટ્રપતિની ગાંધીનગરની સૂચિત મુલાકાતને લઈ તેમની ડ્યુટી માટે મુકવામાં આવેલ અધિકારીઓના કોરોના અંગેના આર.ટી.પી.સી. આર. ટેસ્ટ કરાશે.
- રજાનો દિવસ હતો પરંતુ શહેરના એક હજારથી વધુ કર્મયોગીઓ ઈલેકશન ડ્યુટીમાં વ્યસ્ત હોવાથી શહેર આજે વધુ સૂમસામ જણાતુ હતુ.
- ગાંધીનગરમાં કમિશનરની બદલી માટેનું આંદોલન પણ સોશ્યલ મિડિયામાં શરૂ થયાની વાતે સૌને ચોંકાવ્યા છે.
- ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ આજે ઉત્તર ગુજરાતના પ્રવાસે જશે. તેઓ બે બાઈક રેલી અને બે જાહેરસભા સંબોધવાના છે.
- ગાંધીનગર જિલ્લામાં મોબાઈલ ટુ સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ''હોળી'' વિષય પર ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયુ છે.

# ચરેડી ફાટક પાસેથી આઠ મોબાઈલ ફોન સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરના ચરેડી ફાટક પાસેથી મોબાઈલ યુવકને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. યુવક પાસેથી પોલીસે રૂ.૩૧ હજારના વિવિધ કંપનીના ૮ મોબાઈલ મળી આવ્યા છે. મીનાવાડા, દહેગામ, ચિલોડા સહિતના વિસ્તારમાંથી મોબાઈલ ચોરી કર્યા હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે યુવકની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એ.જી.એનુરકાર અને પોલીસ જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા કોસ્ટેબલ ધિરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે પ્રેસ સર્કલ થી પેથાપુર જવાના માર્ગ પર ચરેડી છાપરા નજીક આવેલા ફાટક પાસે એક શખ્સ ચોરીના મોબાઈલ ફોન વેચવા માટે ફરે છે.

જેથી પોલીસે બાતમીવાળી જગ્યાથી રાહુલ ઉર્ફે ભોપો શંભુભાઈ દંતાણી (હાલ રહે. ધોળાકુવા દંતાણી વાસ મુળ રહે. વલાદગામ રાવળવાસ દરવાજાની અંદર તા.જી. ગાંધીનગર)ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની અંગજડતી લેતા તેની પાસે રહેલી પ્લાસ્ટીકની થેલીમાં ચેક કરતા તેમાંથી રૂ.૩૧ હજારના વિવિધ કંપનીના ૮ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલ અંગે આધાર પુરાવા માંગતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. યુવકે દોઢ વર્ષ દરમિયાન મીનાવાડા, ગોરવંટા, દહેગામ, ચિલોડા, ગાંધીનગર સેકટર-૨૪, પ્રેસ સર્કલ, બાયડ સહિતના વિસ્તાર ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. પોલીસે મોબાઈલ કબ્જે કરી યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે માથાકૂટ, પોલીસ કાફલો દોડતો થયો

અમદાવાદ,તા.૨૦

આજે સવારથી જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મતદાનને લઈને શહેરીજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે મતદાન દરમિયાન ઘણી જગ્યાએ ઈવીએમ ખોટવાયા હોવાનું પણ જાણવા મળ્યું છે. તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બોલાચાલી બાદ ઘર્ષણ થયું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર શહેરમાં રોડ-રસ્તાઓનું સમારકામ પૂરજોશમાં થઈ રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં નવા રસ્તા બની રહ્યા છે. ગોકુલપુરાથી વાવોલ જવાનો નવો માર્ગ બનતા અહીંના વસાહતીઓને ખાડા-ટેકરાવાળા માર્ગમાંથી મુક્તિ મળશે.

## પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડીમાં યોગ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૦

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં આયુષ હેલ્થ અને વેલનેસ સેન્ટર દ્વારા શાળામાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આયુર્વેદિક ડૉ. બિંદિયાબેન યોગ ટ્રેનર દિનેશભાઈ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા. યોગ ટ્રેનર દિનેશભાઈ દ્વારા વિવિધ પ્રકારના યોગાસનો તેમજ પ્રાણાયામ દ્વારા વિદ્યાર્થી જીવનમાં માનસિક તણાવથી દૂર રહી વધુમાં વધુ વિદ્યાભ્યાસ કેવી રીતે કરી શકાય તેની સુંદર માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમના અંતે શાળાના શિક્ષક જે.બી. ચૌધરી દ્વારા સર્વેનો આભાર માન્યો હતો.

## જીટીયુના અધ્યાપક ડૉ. કૌશલ ભટ્ટ અને તુષાર પંચાલ કેન્દ્રના એમ્બેસેડર

ગાંધીનગર,તા.૨૦

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા જીટીયુના અધ્યાપક ડૉ. કૌશલ ભટ્ટ અને તુષાર પંચાલની ઈનોવેશન એમ્બેસેડર તરીકે નિયુક્તિ કરી છે. જીટીયુના કુલપતિ પ્રો.ડૉ. નવીન શેઠ અને કુલ સચિવ ડૉ. કે. એન. ખેરે બન્ને અધ્યાપકોની નિમણૂક બદલ અભિનંદન પાઠવ્યા હતાં. જીટીયુ સંચાલિત ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેનેજમેન્ટના બંને અધ્યાપકોએ ૧૦૦ કલાકની ટ્રેનિંગ અને ત્યારબાદ પરીક્ષામાં ઉતિર્ણ થઈને ઈનોવેશન એમ્બેસેડર તરીકે નિયુક્તિ પામ્યા છે. આગામી સમયમાં તેઓ રાજ્યમાં ઈનોવેશન, ડિઝાઈન થિંકિંગ, એન્ટર પ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અને ઈનોવેશન સંબધીત સરકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરશે.

### કેન્દ્રીય મંત્રી શાહે પરિવાર સાથે અમદાવાદમાં મતદાન કર્યું

# ગુજરાતમાં અંતે વિકાસનો વિજય થશે : અમિત શાહ

ગાંધીનગર,તા.૨૧

કેન્દ્રીય ગૃહ મંત્રી અને બીજેપી નેતા અમિત શાહ પણ મતદાન કરવા અમદાવાદ પહોંચ્યાં હતાં અને મતદાન કર્યુ. અમિત શાહ પરિવાર સાથે મતદાન કરવા માટે નારણપુરા વોર્ડ પહોંચ્યા હતા. મતદાન કર્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રીએ મીડિયા સમક્ષ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

અમિત શાહે જણાવ્યું કે, આજે ગુજરાતમાં તમામ મહાનગરપાલિકાની ચૂંટણીથી લઈ જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓની ચૂંટણીના આજે શ્રીગણેશ થયા છે. ગુજરાતમાં જ્યારે આપણા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતાં ત્યારથી શહેરી વિકાસ, ગ્રામીણ વિકાસ અને સમગ્રતાથી ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસ માટે એક વિકાસ યાત્રા શરૂ થઈ હતી. ચાહે જંગલોના ક્ષેત્ર હોય, પહાડી વિસ્તાર હોય કે શહેર હોય કે ગામ, દરેક જગ્યાએ સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસની શરૂઆત થઈ હતી. અને તે યાત્રા આજે સમગ્ર ભારત માટે અનુકરણીય યાત્રા બની છે.

ભારતમાંથી અનેક રાજ્યો તેમાંથી સંપૂર્ણ વિકાસની પ્રેરણા લઈને આગળ વધ્યા છે. મને ભરોસો છે કે ભારે સંખ્યામાં ગુજરાતના મતદાતાઓ મદતાન કરશે અને અંતે વિજય વિકાસનો જ થશે. નરેન્દ્ર ભાઈના નેતૃત્વમાં ભાજપે સમગ્ર દેશમાં પોતાનો વિજય પરચમ લહેરાવ્યો છે. જ્યાંથી આ વિજય યાત્રાની શરૂઆત થઈ તે ગુજરાત ફરી એકવાર આ ચૂંટણીઓ પછી ભારતીય જનતાના ગઢ તરીકે પોતાને પ્રસ્થાપિત કરશે.

## મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં આવેલા મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત પ્રથમ વર્ષ ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓએ ડૉ. કનુભાઈ વસાવાના આયોજન પ્રમાણે લીધી. સાહિત્યના પુસ્તકોની ગોઠવણી અંગે ગ્રંથપાલ જગદીશ પરીખે સમજણ આપી. દૈનિક સમાચાર પત્રોનું વાંચન કેવી રીતે કરવુ, ગ્રંથાલયમાં આવતા સમાચાર પત્રોની વિગત તેમજ પેન કાગળ લઈને આવવુ, શિસ્તબદ્ધ વાંચન કરવુ, તે અંગેની સુંદર માહિતી દિશા દવેએ આપી જ્યારે ઓ.પી.એ.સી. પુસ્તક કેવી રીતે શોધવુ તે અંગેની સમજણ કિશન પંચાલે આપી. મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાતથી વિદ્યાર્થીઓએ ખુશ થઈને કહ્યું કે અમે દરરોજ ગ્રંથાલયમાં વાંચન માટે આવીશું.

# ચૂંટણીમાં 'એક મત'નું મૂલ્ય ગાંધી, સરદાર અને અટલ બિહારી વાજપેયી સમજ્યા હતા

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

કોઈપણ ચૂંટણીમાં એક મતનું મૂલ્ય શું છે તે ચૂંટણી હારી જતા નેતાને સમજાય છે. ભારતમાં એવા મહાનુભાવો છે કે જેઓ એક મતે જીત્યા છે અને એક મતે હાર્યા છે. એક મત સત્તા બદલી નાંખે છે. એટલે મારા એક મતથી શું ફરક પડે છે તેવું માનવું એ ભૂલભરેલું છે. એક મતમાં પણ તાકાત રહેલી છે. ચૂંટણી હારનાર નેતાઓમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અટલ બિહારી વાજપેયીના મહત્વના ઉદાહરણ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન કરવાની અપીલ કરવામાં આવે છે પરંતુ કેટલાક મતદારો માને છે કે મારા મતથી શું ફરક પડશે તે માનવું યોગ્ય નથી, કેમ કે કેટલીક વખત એક મત નેતાનું જીવન બદલી નાંખે છે. ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી ચાલી રહી છે ત્યારે પાલિકા તેમજ પંચાયતમાં એક મતનું મૂલ્ય સમજવું પડે તેમ છે. ''મતદાન એ મહાદાન છે'' તેવું ચૂંટણી પંચ દ્વારા વારંવાર કહેવામાં આવે છે તે યથાર્થ છે.

### એક મતથી હિટલરે સત્તા મેળવી હતી, યુએસના પ્રેસિડેન્ટની એક મતથી હાર-જીત થઇ હતી

**મહાત્મા ગાંધી પણ એક મતના કારણે હાર્યા હતા...**

રાજકારણ અને ચૂંટણી એકમેકના પર્યાય છે. રાજકીય ઈતિહાસમાં એવી ઘટનાઓ પણ બની છે કે મહાનુભાવો ચૂંટણી હારી ગયા છે. મહાત્મા ગાંધી જ્યારે દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે ૧૫મી નવેમ્બર ૧૯૧૫માં તેમની ગુજરાત સભાના ઉપપ્રમુખપદે વરણી થઈ હતી. મુંબઈ અધિવેશનમાં ડેલિગેટ તરીકે ગુજરાત સભા દ્વારા ગાંધીજી અને વલ્લભભાઈ પટેલની પસંદગી થઈ હતી. ૧૭મી ડિસેમ્બર ૨૦૧૫માં મુંબઈમાં કોંગ્રેસની સબજેક્ટ કમિટી (વિષય વિચારીણી)ની ચૂંટણીમાં ગાંધીજીને માત્ર ત્રણ મત મળ્યા હતા અને તેમનો પરાજય થયો હતો. એવી જ રીતે છઠ્ઠી ગુજરાતી સાહિત્ય સભાના પ્રમુખપદ માટેની ચૂંટણી ૧૨મી ઓગષ્ટ ૧૯૧૯માં થઈ ત્યારે ગાંધીજીને આફ્રિકાથી પાછા આવ્યાને ચાર વર્ષ થયાં હતા અને તેમની નામના થઈ હતી તેમ છતાં બેરિસ્ટર ગાંધીને ૧૫ મત મળ્યા હતા, જ્યારે તેમના પ્રતિસ્પર્ધી હરગોવિંદ કાંટાવાળાને ૨૨ મત મળ્યા હતા. ગાંધીજીનો ૭ મતે પરાજય થયો હતો.

**સરદાર પટેલે પણ ચૂંટણીમાં હાર જોઇ છે...**

૭મી ડિસેમ્બર ૧૯૧૫માં સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાત સભાના ડેલિગેટની ચૂંટણીમાં ૨૪મા ક્રમે ચૂંટાયા હતા. અમદાવાદ મ્યુનિસિપાલીટીની પેટાચૂંટણીમાં તેઓ દરિયાપુર બેઠક પરથી લડ્યા હતા અને ૩૧૪ મત મેળવ્યા હતા જ્યારે તેમના હરીફ બેરિસ્ટર મોયુદીનને ૧૩૧ મત મળ્યા હતા. સરદાર પટેલનો આ બેઠક પર એક મતથી વિજય થયો હતો. અમદાવાદના ઈતિહાસમાં આટલી રસાકસીભરી ચૂંટણી ક્યારેય થઈ નથી. આ એક મત સરદાર પટેલના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો. આ મત ગણતરીને કોર્ટમાં પડકારવામાં આવી હતી અને ૨૬મી માર્ચ ૧૯૧૭માં કોર્ટ તરફથી આ ચૂંટણી રદ્દ કરવામાં આવી હતી. મ્યુનિસિપાલીટીની ચૂંટણીના રાજકારણનો તેમનો આ પહેલો અનુભવ હતો. સરદાર પટેલ ૧૪મી મે ૧૯૧૭માં દરિયાપુરની બેઠક પરથી બિનહરીફ ચૂંટાઈ આવ્યાનો પણ દાખલો છે. આ વોર્ડમાં તેઓ ૧૯૧૯માં ૩૫૦ મતે વિજયી થયા હતા. ખાડિયા બેઠક પરથી તેઓ ૧૯૨૪માં બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા, ત્યારપછી ૧૯૨૭માં ફરીથી દરિયાપુરમાંથી ચૂંટણી લડ્યા અને ૩૬૮૬ મતોથી વિજયી બન્યા હતા.

**વલ્લભભાઇ પટેલ દ્વારા કાસ્ટીંગ વોટનું દાન...**

સરદાર પટેલ ૧૯૧૯૮માં મ્યુનિસિપાલીટીના ઉપપ્રમુખની ચૂંટણી લડ્યા હતા પરંતુ ૧૮ મત મળતાં ત્રણ મતે હારી ગયા હતા. તેમના પ્રતિસ્પર્ધી મૂલચંદ શાહને ૨૧ મત મળ્યા હતા. તેઓ અમદાવાદમાં ૧૯૨૪માં પ્રથમવાર પ્રમુખ બન્યા હતા ત્યારે ૫૩ વિરૂદ્ધ બે મતે ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૨૭માં તેઓ ૪૮ વિરૂદ્ધ સાત મતે ચૂંટાઈ આવ્યા હતા. પ્રમુખપદ માટેની ચૂંટણીમાં સરદાર જંગી બહુમતિથી જીત્યા હતા. એ પહેલાં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનનું પદ દાખલ કરવામાં આવ્યું ત્યારે સરદાર પ્રમુખ હતા તેમ છતાં વધુ સત્તા ધરાવતી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનપદ માટે તેઓ લડ્યા હતા. અત્યંત રસાકસીભરી આ ચૂંટણીમાં સરદાર પટેલ અને તેમના હરીફને એકસરખા ૨૬ મત મળતાં ટાઈ પડી હતી. પ્રમુખ પાસે નિર્ણાયક મત એટલે કે કાસ્ટીંગ વોટનો અધિકાર હોવા છતાં ખેલદિલીથી સરદારે કાસ્ટીંગ વોટનો ઉપયોગ પોતાના હરીફ ઉમેદવારની તરફેણમાં કર્યો અને જાતે ચૂંટણી હારી ગયા હતા.

### કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ડ્રાઇવરને મતદાન નહીં કરવા દેતાં કૃષ્ણમૂર્તિ હાર્યા હતા

**વિશ્વમાં પણ એક મતે સત્તા પલટાવી નાંખી છે...**

૧૯૨૩માં એક મત વધારે મળતાં એડોલ્ફ હિટલર નાઝી પાર્ટીના નેતા બન્યા હતા અને હિટલર યુગનો જન્મ થયો હતો. ૧૯૯૮માં એક મત ઓછો મળતાં ભાજપના સંવેદનશીલ સત્તાધિશ અટલ બિહારી વાજપેયીને વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો હતો. ૧૯૯૯માં સંસદમાં તેમની સરકાર એક મતે પડી ગઈ હતી. આ સમયે ભાજપની સરકાર સામેના અવિશ્વાસ પ્રસ્તાવમાં ૨૭૦ મત પડ્યા હતા જ્યારે પ્રસ્તાવની વિરૂદ્ધમાં ૨૬૯ મત હતા. તામિલનાડુના જયલલીથાએ વાજપેયી સરકારને એક મત ન આપતાં આખી સરકાર ઉથલી પડી હતી. ૧૯૭૫માં એક મતથી ફ્રાન્સ રાજાશાહીમાંથી ગણતંત્ર બન્યું હતું. ૧૭૭૬માં એક મત વધુ મળતાં જર્મનીની જગ્યાએ અંગ્રેજી અમેરિકાની રાષ્ટ્રભાષા બની હતી. ૧૯૬૧માં ઝાંઝીબારમાં એફ્રો સિરાઝી પક્ષના એક ઉમેદવાર માત્ર એક મતથી જીત્યા હતા. આ એક જીતના કારણે પાર્ટીની બેઠકોની સંખ્યા ૧૦ થઈ હતી જ્યારે હરીફ પક્ષ પાસે નવ બેઠકો રહી હતી. અમેરિકાના ૧૭મા રાષ્ટ્રપ્રમુખ એન્ડ્રયુ જોનસન એક મતથી બચી ગયા હતા અને રૂથરફોર્ડ હેયસ માત્ર એક મથથી અમેરિકાના ૧૯મા રાષ્ટ્રપતિ બન્યા હતા.

**ડ્રાઇવરે મત નહીં આપતાં કૃષ્ણમૂર્તિ ચૂંટણી હાર્યા...**

એક મહત્વનો કિસ્સો યાદ કરવા જેવો ચે. ૨૦૦૪માં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં એઆર કૃષ્ણમૂર્તિને ૪૦૭૫૧ મત મળ્યા હતા જ્યારે તેમના હરીફ ધ્રુવનારાયણને ૪૦૭૫૨ મત મળ્યા હતા. એક મતથી કૃષ્ણમૂર્તિ હારી ગયા હતા.આ એક મતના કારણ તેઓ ધારાસભ્ય બની શક્યા ન હતા. આ ચૂંટણી સમયે કૃષ્ણમૂર્તિના ડ્રાઈવરે મતદાન કરવા માટે જવાની મંજૂરી માગી હતી પરંતુ એક મતથી શું ફરક પડે છે તેવું માનીને ખુદ કૃષ્ણમૂર્તિએ ડ્રાઈવરને મતદાન કરવા જવા દીધો ન હતો અને તેનું પરિણામ ભોગવવું પડ્યું હતું. બીજો એવો રસપ્રદ કિસ્સો રાજસ્થાનનો છે. રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી સમયે સીપી જોશી મુખ્યમંત્રી પદના ઉમેદવાર હતા. આ ચૂંટણીમાં તેમને ૬૨૨૧૫ મત મળ્યા હતા જ્યારે હરીફ ઉમેદવાર કલ્યાણસિંહ ચૌહાણને ૬૨૨૧૬ મત મળ્યા હતા. માત્ર એક મત માટે સીપી જોશી ચૂંટણી હારી ગયા હતા. આ ચૂંટણીમાં જોશીના માતા અને પત્ની મતદાન કરવા ગયા ન હતા.

**દાદીના એક મતથી પૌત્ર પંચાયતની ચૂંટણી જીત્યો...**

મહારાષ્ટ્રના પુનામાં દાદીના મતથી પૌત્રની પંચાયતમાં જીત થઈ હતી. મુલશી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧૧૩ વર્ષના સરૂબાઈ સાઠે નામની દાદીએ તેમના પૌત્રને મત આપ્યો હતો. મત આપ્યા પછી રાત્રે દાદીનું અવસાન થઈ ગયું. જ્યારે પરિણામ આવ્યું ત્યારે પૌત્ર વિજય સાઠે માત્ર એક મતથી વિજયી બન્યો હતો. તેણે કહ્યું કે જો મારી દાદીએ મત આપ્યો ન હોત તો હું ચૂંટણી હારી ગયો હોત. મારા દાદી ઈચ્છતા હતા કે પૌત્ર ગામના વિકાસ માટે કોઈ કામ કરે અને તેની ઈચ્છા ફળિભૂત થઈ છે.

### સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં તો એક મતનું મૂલ્ય હારેલા નેતાને સમજાય છે

ગુજરાતમાં ૨૦૧૭માં રાજયસભાની યોજાયેલી ચૂંટણીમાં જેડીયુના ધારાસભ્ય છોટુ વસાવાના એક મતથી કોંગ્રેસના અહમદ પટેલનો વિજય થયો હતો અને ભાજપના ત્રીજા ઉમેદવાર બળવંતસિંહ રાજપૂત હારી ગયા હતા.

**સ્થાનિક ચૂંટણીમાં સૌથી વધુ મતનું મૂલ્ય સમજાય છે...**

૨૦૧૭માં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી વખતે સુરેન્દ્ર બાગલકર એક મતથી જીત્યા હતા. તેમના હરીફ અતુલ શાહે ફેર મતગણતરી કરતાં બન્નેને સરખાં ૫૯૪૬ મત મળ્યા હતા. ચિઠ્ઠી ઉપાડીને જીત નક્કી કરી હોવાથી અતુલ શાહ જીતી ગયા હતા. ગુજરાતના ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામની પંચાયતની બેઠક પર કોંગ્રેસના વારીસમિયાં ઠાકોર અને ભાજપના જહીરમિયાં ઠાકોર વચ્ચે ખરાખરીનો જંગ હતો. બન્ને ઉમેદવારો એક જ જ્ઞાતિના હતા. પરિણામ આવ્યું ત્યારે ભાજપના ઉમેદવારને ૧૨૫૦ અને કોંગ્રેસના ઉમેદવારને ૧૨૪૯ મત મળ્યાં હતા. ભાજપનો એક મતે વિજય થયો હતો. ૨૦૧૦માં ભટોલી જદીદ પંચાયતના સરપંચ માટે બે મહિલાઓ નિતુ શર્મા અને પૂનમ શર્મા વચ્ચે પણ આવો જ જંગ હતો. પૂનમ શર્મા એક મતે ચૂંટણી જીત્યાં હતા. ગુજરાતમાં કોંગ્રેસની ઓલપાડ બેઠક પરથી ઉભા રહેલા દર્શન નાયકનો એક મતે વિજય થયો હતો, જ્યારે જલાલપોર તાલુકા પંચાયતમાં મંદિરગામની બેઠક પર ભાજપના વિક્રમ મહેતાનો એક મતે વિજય થયો હતો. એક મતથી વિજય મેળવેલો નેતા જેટલો ખુશ થાય છે તેટલું દુખ એક મતથી હારેલા નેતાને પણ થાય છે તેથી એક મતનું મૂલ્ય શું છે તે આ ઉદાહરણો બતાવી જાય છે.